આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ધનસુરામાં એન.એસ.એસ ઓરિયન્ટેશન પ્રોગ્રામ યોજાયો

આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ધનસુરા માં તા ૨ ઓગસ્ટ ૨૦૨૨ ના રોજ એન.એસ.એસ.ના ઉપક્રમે પ્રિ.ડૉ. પ્રફુલ્લાબેન.સી.ભ્રહ્મભટ્ટ ના માર્ગદર્શન હેઠળ એન.એસ.એસ ઓરિયન્ટેશન પ્રોગ્રામ યોજાયો હતો.જેમાં ધી.ધનસુરા પ્રદેશ એજ્યુકેશન સોસાયટી ના ટ્રસ્ટીશ્રી અને પૂર્વ ધારાસભ્ય શ્રી દિલીપસિંહજી પરમાર એ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપ્યુ હતુ.પ્રો.ઓફિસર ડો.ગોપાલભાઈ પટેલ અને ડૉ.મેહુલભાઈ ઠાકોરે વિદ્યાર્થીઓ ને એન.એસ.એસ ની પ્રવૃત્તિઓ વિશે વિસ્તૃત માહિતી આપી હતી.

એક ગામ એક તલાટી : પડતર પ્રશ્નોનું નિરાકરણ નહીં આવતા અરવલ્લી - સાબરકાંઠાના તલાટીઓ અચોક્કસ મુદતની હડતાલ, કામકાજ ઠપ્પ

રાજ્યમાં ફરજ બજાવતા તલાટીઓએ તેમની પડતર માંગણીઓને લઈને ગત સપ્ટેમ્બર મહિનામાં અચોક્કસ મુદતની હડતાલની ચીમકી આપવામાં આવતા સરકાર દ્વારા તેમના પ્રશ્નોના નિકાલની બાંહેધરી આપી હતી જેથી 'અચ્છે દિન'ની આશામાં તલાટી મહામંડળે જેતે સમયે હડતાલ મોકુફ રાખી હતી તેમ છતાં તલાટીઓની પડતર માંગણીઓ નહીં સંતોષાતા ફરીથી સમગ્ર રાજ્યના અચોક્કસ મુદતની હડતાલ પાડી સરકાર સામે રણશીંગુ ફુક્યું છે અરવલ્લી-સાબરકાંઠા જીલ્લામાં સેવાઓ ઠપ્પ થઈ હતી રાજ્યના તલાટી મંડળે રાજ્ય સરકારે તેમના પડતર માંગણીઓ ના ન્યાય માટે ૯ મહિના અગાઉ યોગ્ય નિરાકરણની હૈયા ધારણા આપ્યા પછી પણ પ્રશ્નો ઠેરના ઠેર રહેતા પડતર પ્રશ્નો મુદ્દે આજથી તલાટી મંડળે લડી લેવાનો નિર્ણય કર્યો છે.મંગળવારથી તલાટીઓ અચોક્કસ મુદતની હડતાલ પર ઉતારવાની સાથે ધરણા યોજ્યા હતા. હડતાલને પગલે અરવલ્લી-સાબરકાંઠા ૮૦૦ થી વધુ તલાટીઓ એ આજે કામગીરીનો બહિષ્કાર કરતા ગ્રામ્ય વિસ્તારોમાં જન્મ મરણની નોંધણી, વેરાની વસુલાત તેમજ સરકારી યોજનાઓના અમલ ની કામગીરી પર અસર વર્તાઈ હતી. તલાટી મંડળના રાજ્યના આગેવાનોએ તેમની ઉચ્ચતર પગાર ધોરણની વિસંગતતા, કોન્ટ્રાક્ટ ના સમયનો સળંગ નોકરીમાં ગણતરી તેમજ રેવન્યુ તલાટીઓની અલગ કેડર સહિતની માંગણીઓ નો છેલ્લા ત્રણ વર્ષથી ઉકેલ નહીં આવતા અચોક્કસ મુદતની હડતાળની જાહેરાત કરી છે.

ભિલોડાના પહાડા પાસેથી પસાર થતી નદીમાં સફેદ પ્રવાહી ધુમાડા સાથે નીકળતા લોકોમાં અચરજ



ભિલોડા તાલુકાના ટોરડા પાસે આવેલ પહાડા પાસેથી પસાર થતી નદીમાં પાણીમાં સફેદ પ્રવાહી નીકળતા કુતુહલ સર્જાયું હતું.અને ધુમાડા સાથે નીકળતા પ્રવાહી કે પાણીમાં શુ હશે તે પણ ચર્ચાનો વિષય બનવા પામ્યો છે.નદીમાંથી નીકળતા સફેદ પ્રવાહી ધુમાડા સાથે નીકળતા ચર્ચાનો વિષય બન્યો છે.ગ્રામજનો નદી પર જોવા ઉમટયા હતા. આ અંગેની વિગત એવી છે કે ભિલોડા તાલુકામાં ભારે વરસાદ થતા ટોરડા પાસે આવેલી નદી બન્ને કાંઠે વહેતી થઈ હતી.પરંતુ મંગળવારના રોજ પહાડા પાસેથી પસાર થતી નદીમાં એકાએક સફેદ પ્રવાહી ધુમાડા સાથે નીકળતું જોતા ગ્રામજનો નદી પર પહોંચતા તેમને કુતુહલ લાગ્યું હતું.ધુમાડા સાથે અવાજ પણ નીકળતા શુ હશે તે પણ ચર્ચાનો વિષય બનવા પામ્યો છે.એકાએક નદીમાંથી નીકળતા સફેદ પ્રવાહી કઈ રીતે નીકળ્યું અને આ પ્રવાહી કોઈ કેમિકલયુક્ત પણ હોઈ શકે તેવા અનુમાનો ગ્રામજનો કરી રહ્યા હતા.

AHP નીકિસાન પરિષદ : લંપી વાયરસમાં ગાયોના મોત થતા રોગચાળાને નાથવા અને લંપીને ગાયોની મહામારી જાહેર કરવા માંગ

રાજ્યમાં લંપી વાયરસે કહેર વધી રહ્યો છે લંપી વાયરસ ધીરેધીરે સમગ્ર રાજ્યના પશુઓમાં ફેલાઈ રહ્યો છે લંપી વાયરસથી ગાયોના મોત સતત નીપજી રહ્યા હોવાની સાથે પીડાઈ રહી છે ત્યારે આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદની રાષ્ટ્રીય કિસાન પરિષદ દ્વારા જીલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી રોગચાળાને ઝડપથી કાબુમાં લેવામાં આવેની માંગ કરી હતી લંપી વાયરસમાં મોત ભેટેલા પશુઓ દીઠ પશુપાલકને ૫૦ હજારની સહાય કરવામાં આવેની માંગ કરી હતી। ંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ અરવલ્લી જિલ્લા રાષ્ટ્રીય કિસાન પરિષદ દ્વારા તાલુકા મથકે મામલતદારને આવેદનપત્ર આપી જણાવ્યું હતું કે લંપી વાયરસ ગુજરાતમાં પશુઓ લાગવાથી હજારો ગાયના મોત થઈ રહ્યા છે તેના માટે સરકાર તાત્કાલિક ધોરણે રસીકરણ તેમજ આયોલેશન વોર્ડ ઉભા કરવા ,ડોક્ટર અછત ને ધ્યાન લઈ વેટરનરી ભણતા વિધ્યાર્થીઓ ને કામ લગાવવાથી પહોંચી વળાય મોટા પાયે ઝુંબેશ થાય પશુધન ઓછી નુકસાન થાય એવી સરકાર રજૂઆત કરવામાં આવી હતી.

પવિત્ર શ્રાવણ માસના પહેલો સોમવારે પાલનપુર ખાતે મહાદેવજી ની પૂજા અર્ચના કરી

અતિ પ્રાચીન શ્રી નર્મદેશ્વર મહાદેવ મંદિરમાં નર્મદેશ્વર મહાદેવ ની ૧૦૮ કમળ ના પુષ્પો દ્વારા મહાદેવની પૂજા અર્ચના કરવામાં આવી હતી. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, આ નર્મદેશ્વર મહાદેવનું મંદિર કોટ અંદરના વિસ્તારમાં સલેમપુરા દરવાજા બહાર આવેલું છે. આ નર્મદેશ્વર મહાદેવનું મંદિર એવું કહેવાય છે કે ૮૦૦ વર્ષ કરતાં પણ જૂનું મંદિર છે. અતિ પ્રાચીન શિવાલયમાં આજે કમળના પુષ્પો દ્વારા મહાદેવની પૂજા અર્ચના કરવામાં આવી હતી.

અરવલ્લી ભાજપ સંગઠન પ્રમુખે વોટ્સએપ કોલીંગ કરી ધમકી આપ્યાની વ્યાપક ચર્ચા

બાયડ નગરપાલિકાનો ડખો ગાંધીનગર કમલમ્ સુધી પહોંચ્યો : જિલ્લા પ્રભારી, જિલ્લા સંગઠન પ્રમુખની આગેવાનીમાં ગાંધીનગરમાં રજૂઆતોનો દોર

ગાંધીનગર, તા.૨

બાયડ નગરપાલિકામાં ઉકળતા ચરૂની સ્થિતિ વચ્ચે જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખ રાજેન્દ્ર ચૌધરી(આંજણા), જિલ્લા પ્રભારી જયશ્રીબેન દેસાઈ, બાયડ પાલિકાના પ્રમુખ સહિત કેટલાક કોર્પોરેટરોની સાથે રાખી ગાંધીનગર કમલમ્ પહોંચ્યા હતા. કારોબારી બેઠકમાં બાયડ પાલિકા પ્રમુખ ગેરબંધારણીય રીતે હાજર રહી લોકોને સ્પર્શતા પ્રશ્નોના મુદ્દે તેમના અંગત સભ્યો મારફતે વિરોધ કરાવતાં તેના સમગ્ર બાયડનગરમાં ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે. જ્યારે જિલ્લા સંગઠન પ્રમુખના પગ તળે રેલો આવતાં હવે કમલમ્ સુધી રજૂઆતનો દોર આરંભી દીધો છે. જ્યારે ગત સામાન્ય સભામાં બાયડ પાલિકા કારોબારી અધ્યક્ષ સહિત ૬ સભ્યોને નોટિસ આપી ખુલાસો માંગવામાં આવ્યો છે પરંતુ કારોબારી બેઠકમાં વિરોધ કરનારા ભાજપના ૪ સભ્યો સામે કોઈ કાર્યવાહી ન કરતાં જિલ્લા સંગઠન પ્રમુખની બેધારી નીતિ સામે જિલ્લાના હજારો કાર્યકરો ઉકળી ઉઠ્યા છે અને આગામી ૨-૪ દિવસમાં કમલમ્ પહોંચી ઉગ્ર રજૂઆત કરે તેવી ચર્ચા વચ્ચે જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખ રાજેન્દ્ર પટેલે બાયડ પાલિકાના કેટલાક સભ્યો અને તેમના સગાઓને વોટ્સએપ કોલીંગ કરી ધમકી આપ્યાની વ્યાપક ચર્ચા વચ્ચે સમગ્ર મામલો પ્રદેશ પ્રમુખ સુધી પહોંચે તેવી સંભાવના છે.

બાયડ નગરપાલિકામાં ગત વર્ષે યોજાયેલી સામાન્ય ચૂંટણીમાં ભાજપે ૨૪માંથી ૧૭ બેઠકો મેળવી જવલંત વિજય મેળવ્યો પરંતુ ભાજપના શાસકો પ્રજાની અપેક્ષા પૂર્ણ કરવામાં નિષ્ફળ નિવડતાં બાયડ બસ સ્ટેશન વિસ્તાર, હેર વિસ્તાર, લાખેશ્વરી વિસ્તાર, બાયડ ગામ, અરજણવાવ, સુંદરપુરા, જૂના બસ સ્ટેશન, શ્રીજી સોસાયટી, ધડુશીયામઠ વગેરે વિસ્તારોના રહીશોમાં ઉગ્ર રોષ ચરમસીમાએ પહોંચ્યો છે. જ્યારે પ્રમુખ સ્નેહલભાઈ જે. પટેલ દ્વારા પોતાની મનમાની રીતે વહીવટ કરતા હોવાની અને ઉપપ્રમુખ ગાયત્રીબેનને બેસવા માટે ચેમ્બર પણ આપતા ન હોવાની ફરિયાદો છેલ્લા ૬-૮ મહિનાથી પ્રદેશ અને જિલ્લા કક્ષાએ પહોંચી હતી છતાં જિલ્લા સંગઠન મહિલા સન્માનને પણ સંપૂર્ણપણે ભૂલ્યું હોય તેવી સ્થિતિ જોવા મળી હતી. જ્યારે બાયડ નગરપાલિકામાં કારોબારી બેઠક બોલાવવા મુદ્દે પણ પ્રમુખ પોતાની મનમાની કરતા હતા અને આ અંગે જિલ્લા સંગઠનને અનેક વખત રજૂઆત પછી પણ યોગ્ય ઉકેલ લાવવાના બદલે બાયડ નગરપાલિકામાં ભડકો થાય તેની રાહ જોઈને બેઠા હોય તેવી સ્થિતિ હતી. ગત તા.૨૭ જૂનના રોજ બાયડ નગરપાલિકાની કારોબારી બેઠક યોજાઈ જેમાં કરવામાં આવેલા ઠરાવોનું અમલીકરણ, બાયડ પાલિકામાં બંધ કેમેરા ચાલુ કરાવવા, ખોટી હાજરી પૂરાતી હોવાથી ફેઈસ વિથ થમ્બ મશીનથી હાજરી પૂરવી, કન્સલ્ટન્ટની ભરતીમાં થયેલી ગેરરીતી અંગે તપાસ કરવી અને બાયડ પાલિકા આર્થિક ભારણમાં હોય તો ૨૦ ટકા સ્ટાફને છૂટો કરવા સહિતના મુદ્દા કારોબારી અધ્યક્ષ પ્રવિણ એમ. પટેલ દ્વારા પ્રમુખ સ્થાનેથી લેવામાં આવ્યા હતા પરંતુ પાલિકા પ્રમુખ સ્નેહલભાઈ પટેલે તેમના અંગત ૪ સભ્યો અશોકભાઈ લવજીભાઈ પટેલ, અરવિંદભાઈ જેઠાભાઈ પટેલ, ભરતભાઈ સુરેશભાઈ પટેલ અને જીજ્ઞાશાબેન સુનિલભાઈ રાઠોડને બેઠકમાં આંગળી ઉંચી કરાવી વિરોધ કરાવ્યો હતો. જ્યારે પ્રમુખ સ્થાનેથી રજૂ થયેલા મુદ્દા ૪ વિરૂદ્ધ ૨ થી રદ કરાવતાં બાયડ પાલિકામાં ચાલતો જૂથવાદ સામે આવ્યો હતો અને આ અંગે જિલ્લા સંગઠન પ્રમુખ ઉપરાંત જિલ્લા પ્રભારીને રજૂઆત પછી પણ ૧ મહિના સુધી કોઈ ઉકેલ ન આવ્યો. એક રીતે પ્રમુખને છૂટો દોર આપ્યો હોય તેવી સ્થિતિમાં બાયડ પાલિકાના ભાજપના અનેક સભ્યોમાં રોષ ઉભો થયો હતો તેની આડઅસર જનરલ સભામાં જોવા મળી. જ્યારે બાયડ પાલિકાની સામાન્ય સભામાં ૧૩ વિરૂદ્ધ ૧૦ થી એજન્ડા પર લીધેલા ૪ કામ આગામી સભા સુધી મોકૂફ રાખવાનો નિર્ણય કરાતાં જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખે બાયડ પાલિકા કારોબારી અધ્યક્ષ સહિત ૬ સભ્યોને નોટિસ આપી ખુલાસો માગ્યા છે પરંતુ કારોબારી બેઠકમાં વિરોધ કરનારા સભ્યોને નોટિસ પણ આપી નથી અને છાવર્યા હોવાની ગંભીર વિગતો બહાર આવતાં મામલો પ્રદેશ સુધી પહોંચ્યો છે. પ્રદેશના પદાધિકારીઓએ જિલ્લા સંગઠન પ્રમુખની શંકાસ્પદ કામગીરીની નોંધ લીધાનું પણ સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે. જ્યારે સંગઠને પોતાની રીતે અલગથી રજૂઆત કરવાની હોય પરંતુ કમલમ્ ગાંધીનગરમાં બાયડ પાલિકાના પ્રમુખ સહિત ૧૩ સભ્યોને સાથે રાખીને રજૂઆત કરતાં તેની પણ ગંભીર નોંધ લેવાઈ છે. શક્તિ પ્રદર્શન કરવા માટે જિલ્લા સંગઠન પ્રમુખ દ્વારા વોટ્સએપ કોલથી કેટલાક લોકોને ધમકી આપ્યાની વિગતો પણ સામે આવી છે અને જરૂર પડે આ અંગે કોલ ડિટેલ્સ પણ મેળવાય તેવી સંભાવના જોવાઈ રહી છે.

જિલ્લા પંચાયતમાં અનુકુળતાએ આવતા પ્રમુખની હાજરીએ ચર્ચા જગાવી

ભાજપ શાસિક અરવલ્લી જિલ્લા પંચાયતમાં પ્રમુખ લાલસિંહ ચૌહાણ પોતાની અનુકુળતાએ ચેમ્બરમાં આવતા હોય છે તેવી લોકચર્ચા છે અને એક તબક્કે તો તેમના સબંધીઓ જ કચેરીઓમાં આંટા મારતા હોય તેવા લોક આક્ષેપ જાણીતા છે. બાયડ પાલિકામાં ભડકાની સ્થિતિ પછી આવનારા દિવસોમાં જિલ્લા પંચાયતમાં પણ પ્રમુખ અને સંગઠનની મનમાની સામે અનેક સમિતિના ચેરમેનો મોરચો માંડે તેવી શક્યતા છે ત્યારે જિલ્લા સંગઠન પ્રમુખ અને પ્રભારી સાથે જિલ્લા પંચાયત પ્રમુખ ગત રોજ કમલમ્ માં દેખાતાં આ મુદ્દો પણ સમગ્ર જિલ્લામાં ટોક ઓફ ધ ટાઉન બન્યો છે. જ્યારે જિલ્લા સંગઠનના એક પદાધિકારી ખનિજ ચોરને બચાવવા પહોંચ્યા ત્યારે પોતાનો રૂઆબ બતાવવો મહાશયને ભારે પડ્યાનું પણ દિવસ દરમ્યાન સાંભળવા મળ્યું છે.

વોર્ડ નંબર-૧માં ઉભરાતી ગટરો અને ખાડાની સમસ્યા

બાયડ નગરપાલિકા વોર્ડ નં.૧ નું પાલિકા પ્રમુખ, કારોબારી અધ્યક્ષ અને દંડક પ્રતિનિધિત્વ કરી રહ્યા છે. બાયડ નગરપાલિકાનો વહીવટ ખાડે ગયો છે તે વાત જિલ્લા સંગઠન માનતું ન હોય પરંતુ બાયડ પાલિકાના વોર્ડ નં.૧ માં ઠેર ઠેર ઉભરાતી ગટરો અને ખાડાની સમસ્યાઓ પણ નિહાળવા જેવી છે. બાયડ નગરપાલિકા દંડક ભાવનાબેન અતુલભાઈ જોષીના ઘર આગળ પણ છેલ્લા ૧૫ દિવસથી ખાડો પડ્યો છે છતાં પૂરાતો નથી. વોર્ડ નં.૧ ની આવી દુર્દશા હોય તો અન્ય વોર્ડમાં શું સ્થિતિ હશે..?? જ્યારે આજ વોર્ડના એક મહિલા સદસ્યએ બધું અમને પૂછીને કરવામાં આવે છે તેવું પ્રદેશમાં જણાવ્યું છે પરંતુ તેમનો ઉભરો પણ ભૂતકાળમાં જગજાહેર છે. કોઈની ખોટી વાહ વાહી કરવાથી પ્રમુખ કે કારોબારી પદ મળવાનું નથી તે ઝડપથી સમજી લેશો તો દુઃખી થવાનો વારો નહીં આવે.

મીઠીબીલી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ડોકટર સહિત સ્ટાફની અનિયમિતતાથી ગરીબ દર્દીઓ પરેશાન

દર્દીઓ રાહ જોઈને બેસી રહે છતાં ડોકટર ફરકતા ન હોવાની ફરિયાદ: રાજસ્થાન બોર્ડર નજીકના ગામોમાં કથળેલી આરોગ્ય સેવાઓ

બાયડ (બ્યુરો ઓફીસ), તા.૦૨

ખેડબ્રહ્મા તાલુકાના રાજસ્થાન બોર્ડર નજીકના મીઠીબીલી ગામના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં છેલ્લા ઘણા સમયથી ડાકટર સહિત આરોગ્ય સ્ટાફની

અનિયમિતતાથી ગરીબ દર્દીઓ હેરાન-પરેશાન થઈ રહ્યાં છે. સવારથી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર આગળ ડૉક્ટરની રાહ જોવા છતાં ફરકતા ન હોવાની ફરિયાદો સામે આવી છે. બેહાલ આરોગ્ય સેવાઓ મુદ્દે રાજ્યના આરોગ્ય મંત્રી સમક્ષ ફરિયાદ કરવા માટે જાગૃત નાગરિકો દ્વારા તૈયારી કરવામાં આવી છે. જિલ્લાના આદિવાસી વિસ્તારોમાં આરોગ્યની સેવાઓ લકવાગ્રસ્ત બની છે. ઉંડાણના ગામોમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં ફરજ બજાવતા ડક્ટરો ગુલ્લી મારતા હોવા છતાં કોઈ તપાસ કરવા માટે પણ તૈયાર ન હોવાથી ગરીબ આદિવાસી પ્રજા બિમારી સમયે ખાનગી દવાખાનાઓમાં લૂંટાતી હોય છે. ખેડબ્રહ્મા તાલુકાના સરહદી ગામ મીઠીબીલીમાં લાખો રૂપિયાના ખર્ચે સરકારે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ઉભું કર્યું છે. આયુષ્યમાન ભારત હેઠળ આરોગ્યની સેવાઓ પૂરી પાડવાની વાતો થઈ રહી છે પરંતુ છેલ્લા કેટલાય સમયથી આરોગ્ય કેન્દ્રમાં ફરજ બજાવતા ક્ટર, ફાર્માસીસ્ટ સહિતનો સ્ટાફ હાજર રહેતો ન હોવાથી સારવાર લેવા માટે આવતા દર્દીઓને ધરમ ધક્કા થઈ રહ્યા છે. સરહદી અંતરીયાળ ગામના દર્દીઓ સવારથી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર આગળ આવીને બેસી જાય છે પરંતુ ડૉક્ટર તેમજ અન્ય સ્ટાફ ફરકતો ન હોવાથી આખરે ન છૂટકે ખાનગી દવાખાનાઓમાં સારવાર લેવા માટેની ફરજ પડતી હોય છે. ઘણા લાંબા સમયથી મીઠીબીલી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ફરજ બજાવતા આરોગ્ય અધિકારી અને સ્ટાફ સામે અનિયમિત હાજરીની ફરિયાદો ઉઠી છે જેમાં સોમવારે આ વિસ્તારમાં કાર્યરત હિતરક્ષા સેનાના કેટલાક જાગૃતિ કાર્યકરો દ્વારા જાત તપાસ કરવામાં આવી હતી જેમાં ડક્ટર, ફાર્માસીસ્ટ સહિતનો સ્ટાફ હાજર મળી આવ્યો ન હતો. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં એકમાત્ર લેબ ટેકનિશિયન અને પટાવાળાની હાજરી જોવા મળી. જ્યારે કેન્દ્રની બહાર દર્દીઓ ડક્ટરની રાહ જોઈને બેસી રહ્યા હોવાનું જાણવા મળતાં ઉચ્ચ કક્ષાએ આ અંગે રજૂઆત કરવામાં આવનાર છે. ડૉક્ટરની ચેમ્બર ખાલીખમ જોવા મળતાં જાગૃત યુવકો દ્વારા તાલુકાના અધિકારીઓનું ધ્યાન દોરી વિગતવાર રાજ્ય સરકાર સમક્ષ ફરિયાદ થનાર હોવાનું જાણવા મળ્યું છે.

રાજસ્થાન સરહદનું ગામ હોવાથી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં તપાસ થતી નથી — હિત રક્ષા સેના

- ખેડબ્રહ્મા તાલુકાના ઉંડાણના મીઠીબીલી ગામે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના ડક્ટર સહિતનો સ્ટાફ ગેરહાજર રહેતો હોવાની ફરિયાદ બાદ હિત રક્ષા સેનાના યુવકો દ્વારા કરવામાં આવેલી જાત તપાસમાં અનિયમિતતાનો ભાંડો ફૂટ્યો છે. હિત રક્ષા સેનાના યુવા કાર્યકરોએ આક્રોશ સાથે જણાવ્યું હતું કે સરહદનું ગામ હોવાથી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ડૉક્ટર તેમજ અન્ય સ્ટાફ હાજર જ રહેતો નથી જે અંગેની ફરિયાદો છતાં અધિકારીઓ દ્વારા હાજરી મુદ્દે કોઈ તપાસ થતી નથી.

પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનો ચાર્જ સોપ્યો છતાં આરોગ્ય સેવાઓ લકવાગ્રસ્ત

મીઠીબીલી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ફરજ બજાવતા અગાઉના ની બદલી થયા પછી ઉંચીધનાલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના ડ.રોહીત ચૌધરીને ચાર્જ સોપ્યો હોવા છતાં કોઈપણ કારણોસર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની આરોગ્ય સેવાઓ લકવાગ્રસ્ત બની છે. ગરીબ દર્દીઓ પ્રાથમિક સારવાર માટે ધરમધક્કા ખાઈ રહ્યા છે અને આરોગ્ય વિભાગ આરોગ્ય સેવાઓ વધુ સુદ્રઢ બન્યાના દાવા કરી રહ્યું છે.

ઈન્ચાર્જ જિલ્લા આરોગ્ય અધિકારીએ ફોન ઉપાડવાનું ટાળ્યું

ખેડબ્રહ્મા તાલુકાના મીઠીબીલી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ડૉક્ટર સહિત સ્ટાફની અનિયમિતતા અંગેની ફરિયાદ સામે આવી છે. ત્યારે સાબરકાંઠા જિલ્લા ઈન્ચાર્જ આરોગ્ય અધિકારી ડૉ.કિશોરસિંહ ચારણનો સંપર્ક કરવાનો પ્રયત્ન કરવા છતાં કોઈપણ કારણોસર ફોન ઉપાડવાનું ટાળી દીધું હતું.

ધનસુરા તાલુકામાં બે રોકટોક ચાલતો દેશી દારૂ નો વેપાર

ધનસુરા, તા.૨

ધનસુરા તા ૨ ધનસુરા તાલુકાના ખેડા અને નારણપુરા ગામમાં દેશી દારૂનો વેપાર બે રોકટોક ચાલતો હોય હમા રાજ માં રા ચતી પોલીસ અજાણ દેશી દારૂ ના વેપારમાં દારૂના અડ્ડાઓ વાળાઓ મારફત જો ફરી કેમિકલ નો ઉપયોગ થાય તો ફરી એક વખત ધનસુરા તાલુકામાં લઠ્ઠા કાંડ સર્જાતો વાર નહીં લાગે આવા દેશી દારૂના વેપારમાં કેમિકલ નો ઉપયોગ થાય અને અને પોતાના કોઈ સ્વજનો દેશી દારૂ ના બંધાણી હોય અને જો આ વો દારૂ પીવે તો જીવ ગુમાવવાનો વારો આવે આથી ગ્રામજનોની ઉગ્ર રજૂઆત હતી કે જિલ્લા પોલીસ વડા કડક હાથે કામ લઈ પોલીસની મિલીભગતથી ચાલતા આવા દારૂ ના અડ્ડાઓને સત્વરે બંધ કરાવી લોકોની મહામૂલી જિંદગી સાથે ખીલવાડ કરતા આવા દારૂને બંધ કરાવે નહીં તો ગામ લોકો આક્રમક થઈ ઉગ્ર વિરોધ કરશે તેવી ચીમકી ઉચ્ચારી હતી.

"હિન્દૂ સંસ્કૃતિ અને હિન્દુત્વ એ ભારતની સાચી ઓળખ!!"

થર્ડ અમ્પાયરની દ્રષ્ટિએ....?

બાયડ તા.૨

હર...હર...શંભુ... ... શંભુ શિવ મહાદેવા શંભુ... શિવ એ હિન્દૂ સંસ્કૃતિનું ઉદ્દભવસ્થાન જરૂર છે, શ્રીરામ અને શ્રીકૃષ્ણ હિન્દૂ સંસ્કૃતિના પોષક તેમજ માર્ગદર્શક પણ છે. "હિંદૂ સંસ્કૃતિને પૂર્ણ રીતે ઓળખવા માટે તેમના આચરણ, સંસ્કાર તેમજ વાર, તહેવાર અને ઉત્સવોનો અભ્યાસ જરૂર કરવો જોઈએ અને જો આ વિષય ઉપર અભ્યાસ કરવામાં આવે તો હિંદૂ સંસ્કૃતિ અને હિન્દુત્વ ઉપર કોઈને કોઈ સંશય નહિ રહે કે તે શા માટે વિશ્વની મહાનતમ સંસ્કૃતિ છે!!" એવું મને થર્ડ અમ્પાયરની દ્રષ્ટિએથી લાગી રહ્યું છે... શા માટે હિંદૂ સંસ્કૃતિ સૃષ્ટીના ઉત્પતિકાળથી આજેય અડીખમ છે?? હા, એ વાત ચોક્કસ છે કે હિંદૂ સંસ્કૃતિ ઉપર વિદેશીઓ દ્વારા સમય સમયે અનેકવાર આક્રમણ થયું અને હિન્દુત્વને ઝાંખું પાડવાના ખૂબ પ્રયત્નો પણ થયા છે પરંતુ આજેય "હિન્દુત્વ" જીવતું તો છે જ... હિંદૂ સંસ્કૃતિનું મુખ્ય તત્વ એટલે હિન્દુત્વ!!

હિન્દૂ સંસ્કૃતિ અન્ય સંસ્કૃતિથી અનેક વાતોમાં અલગ પડે છે. હિંદૂ સંસ્કૃતિ મનુષ્યને ઉપયોગમાં આવતા મનુષ્યને તો "દેવ" માને છે પણ સાથે સાથે સૃષ્ટિ ઉપરના ગાય, ઘોડો, કૂતરાને તેમજ અન્ય જીવોને પણ માનથી જોવે છે.... ગાયની પૂજા કરવી, બળદ-ઘોડાને તિલક કરવું, કૂતરાને રોટલી આપવી, પક્ષીઓને ચૂંણ નાંખવુ કે કીડીઓને કીડીયારું પુરવું એવા તમામ રિવાજો હિન્દુસ્તાનમાં સહજ વણાયેલા જોવા મળે છે!! કારણકે હિન્દૂ સંસ્કૃતિ જીવ માત્ર માટે દયા, કરુણાનો ભાવ રાખે છે... તમે ભારત બહાર ક્યાંય પક્ષીઓ માટેના ચબૂતરા નહિ જોયા હોય!! આટલું સુક્ષમ વિચારવું એ હિંદૂ સંસ્કૃતિ સિવાય બીજે ક્યાંય જોવા ના મળી શકે... અરે એટલુંજ નહિ ભારતમાં તો લોકો વૃક્ષ-વનસ્પતિની પણ પૂજા કરે છે ત્યારે પર્યાવરણ વિષયને વિશ્વના દેશો ભારતનું શુ જ્ઞાન આપી શકવાના છે? ભારતમાં વિજયદશમીના દિવસે વર્ષમાં એકવાર જડ- નિર્જીવ પોતાના વિહિકલને પણ ટીલા ટપકા કરી સરસ મજાનો હાર પહેરાવતા આપણને જોવા મળશે તો બોરકુવાના પંપને વ્હાલથી તિલક કરી શ્રીફળ ચડાવવાનો રિવાજ સિર્ફ હિંદૂ સંસ્કૃતિમાં જ નજરે પડે છે...

ભારતમાં નાની અમથી વાતમાં પણ આજે વિશ્વના દેશો ભારતને માનવતાના અને માનવ અધિકારના પાઠ ભણાવવા હંમેશા અધીરા થયેલા જોવા મળે છે એમને ક્યાં ખબર છે કે હિન્દુસ્થાનમાં મનુષ્ય અને મહેમાનગતિની શુ કિંમત છે?? આજે ભારતીયોને પણ કદાચ ખબર નહિ હોય કે અંગ્રેજો ભારતમાં આવ્યા તે પહેલાં ભારતમાં એકપણ ગેસ્ટહાઉસ કે રેસ્ટોરન્ટ નહોતી!! "પરંતુ ત્યારે ભારતમાં ગામડે ગામડે મુસાફરો માટે ધર્મશાળાઓ હતી તથા રહેવા જમવા માટે મફત સુવિધા હતી..." ભારતમાં એટલે કે હિન્દૂ સંસ્કૃતિમાં મહેમાનોને ભગવાનનું રૂપ સમજી તેમની સેવા કરવામાં આવતી!! મહેમાનોને નાત જાત પૂછવામાં જ ના આવતી એનો સીધો અર્થ એ થાય કે ત્યારે કોઈ જાતિવાદ હતો જ નહીં. "વર્ણ વ્યવસ્થા હતી પણ તે જાતિ આધારિત નહિ પણ વ્યક્તિના કર્મ આધારિત હતી..." એટલેકે તે અર્થવ્યવસ્થાના એક ભાગરૂપે હતી. આવી મહાન સભ્યતાના આપણે વંશજો છીએ તેમની ઉપર માનવ અધિકાર પંચ હિસાબ માંગવા આવે તે કેટલો વ્યાજબી ગણાય???

હિન્દૂ સંસ્કૃતિ આદિ અનાદિકાળથી ભારતમાં ચાલી આવી રહેલી અતિ ભવ્ય સંસ્કૃતિ છે!! બિનસાંપ્રદાયિક શબ્દ મને તો સમજમાં જ નથી આવતો , હા "સર્વ સંપ્રદાયનો આદર કરવો" તેવું બોલવું વધુ ઉચિત છે... આજે ભારત ઉપર સાંપ્રદાયિક ગ્રહણ લાગ્યું છે અને તેમાં "હિન્દુત્વ" શબ્દને સૌથી વધુ ગાળો ખાવી પડે છે તેનું મને દુઃખ છે... જે તત્વમાં માનવતા ઠાંસી ઠાંસીને ભરેલી હોય અને જે તત્વ જીવદયાની હિમાયત કરતું હોય તેવું આ "હિન્દુત્વ" આજે લાચારી ભોગવી રહ્યું છે !! કુદરત ક્યારેય "હિન્દુત્વ" નામના શબ્દ ઉપર પ્રહાર કરનાર કોઈપણ રાજકીય નેતાઓને ક્ષમા નહિ કરે તે ચોક્કસ છે. કારણકે "હિન્દુત્વ" એ કોઈ વ્યક્તિની ઉપજ નથી પરંતુ તે ઈશ્વરની દેન છે...

જય હિન્દ!! જય...જય... ભારત!! હર...હર...શંભુ.... .... શંભુ શિવ મહાદેવા શંભુ...

પાલનપુર નગરપાલિકામાં ભય વગરના ભ્રષ્ટાચારની ટકાવારી મામલે જીલ્લા પ્રભારીને રજુઆત કરેલો ઓડિયો વાયરલ

પાલનપુર તા. ૨

પાલનપુર શહેરની ભાજપ શાસિત પૂર્ણ બહુમતી ધરાવતી નગરપાલિકા છેલ્લા ઘણા સમય થી ભ્રસ્ટાચાર મ